# “બાયોગેસનું મહત્વ અને તેની ઉપયોગિતા”
# વિષય પર એક દિવસ ખેડૂત તાલીમ કાર્યક્રમ

---

કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજના “એડવાન્સડ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ એંજિનિયરિંગ બેજ્ડ ઇન્ટરવેનસનસ” પ્રોજેકટ અંતર્ગત, આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દેવગઢ બારિયાના સંયુકત ઉપક્રમે “બાયોગેસનું મહત્વ અને તેની ઉપયોગિતા” વિષય પર તારીખ ૨૧/૧૦/૨૦૨૧ ના રોજ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દેવગઢ બારિયા ખાતે ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. આર. સુબ્બૈયાહ સાહેબ, આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા અને ડૉ. ગિરીશ ભાઈ પટેલ, યુનિટ વડાશ્રી, આદિવાસી સંશોદાન-વ-તાલીમ કેન્દ્ર, દેવગઢ બારિયા અને આદિવાસી સંશોધન –વ-તાલીમ કેન્દ્રના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ તેમજ તાલીમ કાર્યક્રમમાં ગામ આમલી મેનપુર , તા. દેવગઢ બારીયા, જિલ્લો દાહોદના ૬૦ જેટલા મહિલા ખેડૂતો હાજર રહ્યા હતા.

ડૉ. ગિરીશ ભાઈ પટેલ, યુનિટ વડાશ્રી, આદિવાસી સંશોદાન-વ-તાલીમ કેન્દ્ર, દેવગઢ બારિયા દ્વારા બાયોગેસના ઉપયોગ અને બાયોગેસ સ્લરીના ઉપયોગ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. ડૉ. આર. સુબ્બૈયાહ, આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા ખેડૂત તાલીમાર્થીઓને કૃષિ ક્ષેત્રમાં બાયોગેસનું મહત્વ અને તેની ઉપયોગિતા અને બાયોગેસની જુદી જુદી પધ્ધતિઓ વિષે વિસ્તૃત માહિતી તેમજ ખેતીમાં સોલરથી ચાલતા સૌર શક્તિ ના ઉપયોગ અને તેની કાર્યપદ્ધતિ વિષે માહિતી આપી હતી.

સદર તાલીમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજનાના પી. આઈ. કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા “ગોબર ગેસ એટ્લે શું? અને તેની પ્રાધાન્યતા” અને “જુદા જુદા કચરા /ખેત આડપેદાશોનો બાયોગેસમાં ઉપયોગ”, ઈજ. જે. શ્રવણકુમાર, મદદનીશ પ્રાધ્યાપક, આર. ઇ. ઇ વિભાગ, કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા દ્વારા “સૂર્ય કુકરની ઉપયોગિતા અને તેનું મહત્વ”; વિષય પર વ્યાખ્યાન આપ્યુ અને સૂર્યકુકર અને નિર્ધૂમ ચૂલાનું સીધું નિદર્શન કરવામાં આવેલ હતું.











તાલીમના અંતે ઈજ.જે.શ્રવણકુમાર,મદદનીશ પ્રાધ્યાપક, આર. ઇ. ઇ., વિભાગ, કૃ.ઈ.ટે.કો ગોધરા દ્વારા આમંત્રિત મહેમાનો અને જુદા જુદા પદાધિકારીઓનો અને ખેડૂતો તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.